UGVCL

# આપણું યુજીવીસીએલ

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

અંક-૫૨, ઓક્ટોબર-નવેમ્બર ૨૦૧૯







## સ્ટેચ્યુ ઓફ યુનિટી, સરદાર સરોવર ડેમ કેવડિયા ખાતે દેશના ઊર્જામંત્રીઓની કોન્ફરન્સ



સાંકળચંદ પટેલ યુનિવર્સિટી વિસનગર ખાતે ઊર્જા સંરક્ષણ વિષય પર પરિસંવાદ યોજાયો



પાલનપુર ખાતે મુખ્યમંત્રી એપ્રેન્ટિસશીપ યોજના હેઠળ નિમણૂકપત્ર એનાયત સમારંભ

# આ અંકમાં

**અંક–૫૨**
**ઓક્ટોબર–નવેમ્બર ૨૦૧૯**
**ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત**

**સંરક્ષક**
શ્રી મહેશ સિંઘ, આઈએફએસ
મેનેજિંગ ડિરેક્ટર,
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**સંપાદક**
શ્રી શૈલેશ એ. નાયક, ઇન્ચાર્જ મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન)

**સંકલન સહાયક**
શ્રી મિતેષ વૈષ્ણવ, સિનિયર આસિસ્ટન્ટ (કોર્પોરેટ કમ્યુનિકેશન)

**તંત્રી મંડળ**
શ્રી પી.બી, પંડ્યા, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી વી. એમ. શ્રોફ, ઇન્ચાર્જ, મુખ્ય ઇજનેર (પી.)
શ્રી આર. બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઇનાન્સ) એન્ડ સી.એફ.ઓ.
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી એ. સી. પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.)
શ્રી એલ. એ. ગઢવી, વિશેષ મુખ્ય ઇજનેર, પાલનપુર
શ્રી સી. જે. રાજપાલ, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી પી. સી. શાહ, અધિક્ષક ઇજનેર, હિંમતનગર
શ્રી આર. ડી. ઝાલા, અધિક્ષક ઇજનેર, સાબરમતી
શ્રી જી. ડી. પટેલ, અધિક્ષક ઇજનેર (ટેક.)

**પ્રૂફરીડિંગ :** જ્યોત્સનાબહેન રાઠોડ,
સિનિયર આસિસ્ટન્ટ, કોર્પોરેટ ઓફિસ, મહેસાણા.

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ
વિસનગર રોડ, મહેસાણા-૩૮૪ ૦૦૧
www.ugvcl.com

**સંકલન અને સર્જન**
www.aalekhan.com

## આ અંક આપને કેવો લાગ્યો?

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.

cccell@ugvcl.com
sanaik_41262@yahoo.co.in
pro@ugvcl.com
mitesh@ugvcl.in

## આ અંકમાં

**કોન્ફરન્સ**

» સ્ટેચ્યુ ઓફ યુનિટી, સરદાર સરોવર ડેમ કેવડિયા ખાતે દેશના ઊર્જામંત્રીઓની કોન્ફરન્સ.................... ૦૪

**પરિસંવાદ**

» સાંકળચંદ પટેલ યુનિવર્સિટી વિસનગર ખાતે ઊર્જા સંરક્ષણ વિષય પર પરિસંવાદ યોજાયો........... ૦૬

**મુલાકાત**

» બીએસઈએસ રાજધાની પાવર લિમિટેડ નવી દિલ્હીના વરિષ્ઠ અધિકારીઓ યુજીવીસીએલની મુલાકાતે......... ૦૮

**એપ્રેન્ટિસશીપ**

» પાલનપુર ખાતે મુખ્યમંત્રી એપ્રેન્ટિસશીપ યોજના હેઠળ નિમણૂકપત્ર એનાયત સમારંભ.................. ૦૯

**ઉજવણી**

» મહેસાણા કોર્પોરેટ ઓફિસ દ્વારા સ્વચ્છતા અભિયાનની ઉજવણી....................... ૧૦

» પાલનપુર વર્તુળ કચેરી દ્વારા સ્વચ્છતા અભિયાનની ઉજવણી....................... ૧૦

» મહેસાણા ખાતે મનજાગૃત મહિલામંડળ દ્વારા ગરબાનું આયોજન............................... ૧૧

» સાબરમતી ખાતે વર્કિંગ વીમેન એસોસિએશન દ્વારા ગરબાનું આયોજન..................................... ૧૧

**સંક્ષિપ્ત સમાચાર**

» યુજીવીસીએલ વધુ એક વાર સ્કોચના મેરિટ એવોર્ડના સેમિફાઇનાલિસ્ટ તરીકે સન્માનિત.................... ૧૨

» યુજીવીસીએલ પરિવારનો સ્નેહ મિલન સમારોહ.......... ૧૨

» ધનતેરસ અને ચોપડા પૂજન.......................... ૧૩

» ઉષ્માભેર સ્વાગત................................... ૧૩

» અભિનંદન............................................ ૧૩

» યુજીવીસીએલ પરિવાર ગૌરવ......................... ૧૩

**પ્રતિભાવ** ૧૪

**કાવ્યધારા** ૧૫



**સિદ્ધિઓ સહેલાઈથી હાંસલ થતી નથી. જ્યારે કંપનીના તમામ કર્મચારીઓ નિષ્ઠા અને કાર્યદક્ષતા સાથે પોતાની ફરજ નિભાવે ત્યારે જ આ શક્ય બનતું હોય છે.**

**પ્રિય કર્મચારી મિત્રો,**

વિક્રમ સંવત ૨૦૭૬નું નૂતન વર્ષનું પ્રત્યેક નવું પ્રભાત આપ અને આપના પરિવારજનો માટે સુખ, શાંતિ, સમૃદ્ધિના સંદેશ લાવે તેવી શુભેચ્છાઓ. ખાસ તો, આપણી કંપનીના ઘણા કર્મચારીઓના કામમાં રહેલાં જોખમોને ધ્યાનમાં લેતાં, આ નવું વર્ષ તેમ જ આવનારાં તમામ વર્ષ આપ સૌ માટે અકસ્માત રહિત રહે તેવી પરમ કૃપાળુ પરમાત્માને હું પ્રાર્થના કરું છું.

આપ જાણતા જ હશો તેમ, તાજેતરમાં, ભારત સરકારના ઊર્જા મંત્રાલય દ્વારા રજૂ કરવામાં આવેલ, સાતમા ''એન્યુઅલ ઇન્ટીગ્રેટેડ રેટિંગ ઓફ સ્ટેટ ડિસ્ટ્રીબ્યુશન યુટિલિટીઝ'' રિપોર્ટમાં ગુજરાતની તમામ ચાર વીજ વિતરણ કંપનીઓએ સમગ્ર દેશમાં મોખરાનું સ્થાન મેળવી 'એ-પ્લસ' રેટિંગ મેળવ્યું છે. આ આપણા સૌ માટે અત્યંત ગૌરવની વાત છે. આપણી કંપની તથા રાજ્યની અન્ય વીજ વિતરણ કંપનીઓ સતત સર્વશ્રેષ્ઠ કાર્યપ્રદર્શન દ્વારા રાષ્ટ્રીય સ્તરે સન્માન મેળવી રહી છે. આ સિદ્ધિઓ સહેલાઈથી હાંસલ થતી નથી. જ્યારે કંપનીના તમામ કર્મચારીઓ નિષ્ઠા અને કાર્યદક્ષતા સાથે પોતાની ફરજ નિભાવે ત્યારે જ આ શક્ય બનતું હોય છે.

તાજેતરમાં, સ્ટેચ્યુ ઓફ યુનિટી, સરદાર સરોવર ડેમ, કેવડિયા ખાતે દેશનાં તમામ રાજ્યોના માનનીય ઊર્જામંત્રીઓની બેઠક યોજાઈ હતી તેમાં ગુજરાત માટે આ ગૌરવપૂર્ણ સિદ્ધિની જાહેરાત કરવામાં આવી હતી.

બીજી એક મહત્ત્વની સિદ્ધિ તરફ પણ હું આપનું ધ્યાન દોરવા માગું છું.

વર્ષ ૨૦૧૭-૧૮માં ટ્રાન્સફોર્મર ફેલ્યોરનો રેટ ૭.૯૨ ટકા હતો, તેની સરખામણીમાં વર્ષ ૨૦૧૮-૧૯માં આ રેટ ઘટીને ૫.૫૮ ટકા થયો છે. જેના લીધે આપણી કંપની વધુ એક વાર 'સ્કોચ મેરિટ એવોર્ડ'ના સેમિફાઇનાલિસ્ટ તરીકે પસંદગી પામેલ છે. આમ આપણે વધુ એક વાર 'સર્વોત્તમ સેવા થકી ગ્રાહકને સંતોષ' આપવાના વિઝનને સિદ્ધ કરવાનો પ્રસંશનીય પુરુષાર્થ કરેલ છે, જે માટે સંબંધિત તમામ કર્મચારીઓને હું અભિનંદન પાઠવું છું.

મિત્રો, થોડા સમય પહેલાં આપણે સૌએ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણી કરી હતી. અહિંસા, સત્ય અને કરુણાને સમર્પિત ગાંધીજીને સ્વચ્છતા પણ અત્યંત પ્રિય હતી. તેમની જન્મજયંતી નિમિત્તે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અનુસાર આપણા હસ્તકની તમામ કચેરીઓમાં સ્વચ્છતા જળવાઈ રહે તે માટે આપ સૌને હું હાર્દિક અનુરોધ કરું છું.

તેની સાથોસાથ, ડિસેમ્બર માસમાં તા. ૧૪થી ૨૧ દરમિયાન 'વીજ બચત' સપ્તાહ દરમિયાન વીજ બચત અંગે ગ્રાહકોમાં જાગૃતિ કેળવાય તે માટે પ્રયાસો કરવા અપીલ કરું છું.

શુભેચ્છાઓ સાથે,

**મહેશ સિંઘ,** આઇએફએસ
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

# સ્ટેચ્યુ ઓફ યુનિટી, સરદાર સરોવર ડેમ
# કેવડિયા ખાતે દેશના ઊર્જામંત્રીઓની કોન્ફરન્સ

તા. 11 અને 12 ઓક્ટોબર દરમિયાન સમગ્ર ભારતમાં આકર્ષણનું કેન્દ્ર બનેલ સ્ટેચ્યુ ઓફ યુનિટી, સરદાર સરોવર ડેમ, કેવડિયા ખાતે દેશનાં તમામ રાજ્યોના ઊર્જામંત્રીઓની કોન્ફરન્સનું આયોજન કરવામાં આવેલ. તા. 11-10-2019ના રોજ શરૂ થયેલ બે દિવસીય કોન્ફરન્સનો ભારત સરકારના ઊર્જા રાજ્યમંત્રી શ્રી આર.કે. સિંઘ દ્વારા વિધિવત્ રીતે શુભારંભ કરવામાં આવેલ. આ પ્રસંગે ગુજરાત સરકારના ઊર્જામંત્રી શ્રી સૌરભભાઈ પટેલે ગુજરાતનું પ્રતિનિધિત્વ કરેલ. બે દિવસની રાષ્ટ્રીય કોન્ફરન્સમાં દેશના જુદાજુદા રાજ્યોના ઊર્જા વિભાગ દ્વારા કરવામાં આવેલ કામગીરીની વિશેષતાઓ અંગે વિશદ ચર્ચાવિચારણા કરવામાં આવેલ.

આ કોન્ફરન્સમાં તમામ રાજ્યોના, કેન્દ્ર શાસિત પ્રદેશના ઊર્જામંત્રીઓ, ઊર્જા સચિવો તથા ચેરમેનો ઉપસ્થિત રહેલ, જેમાં અલ્ટ્રામેગા રિન્યુએબલ એનર્જીપાર્કની સ્થાપના અંગે ચર્ચા કરવામાં આવેલ. સોલાર રૂફટોપ, સરહદી વિસ્તારોમાં રિન્યુએબલ વિકાસના કાર્યક્રમો, ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ સહિતના મુદ્દાઓ પર વિસ્તારથી ચર્ચા કરવામાં આવેલ.

છેલ્લાં 10 વર્ષથી વીજ ઉત્પાદન, વીજ પ્રવહન તથા વીજ વિતરણ ક્ષેત્રે અગ્રિમ રાજ્ય તરીકે ગુજરાત મોખરે રહ્યું છે. જેનાથી ગુજરાતનો સર્વાંગી વિકાસ થયો છે, તેમજ વિકાસની હરણફાળ ભરેલ છે. જેનું નિમિત્ત બનનાર જ્યોતિગ્રામ યોજનાની તમામ રાજ્યના પ્રતિનિધિઓને પ્રેઝન્ટેશન દ્વારા માહિતી રજૂ કરવામાં આવેલ.

ભારત સરકારના ઊર્જામંત્રાલય દ્વારા રજૂ કરવામાં આવેલ સાતમાં એન્યુઅલ ઇન્ટીગ્રેટેડ રેટિંગ ઓફ સ્ટેટ ડિસ્ટ્રીબ્યુશન યુટિલિટીના




*પુસ્તક વિમોચન*




### ઉદ્‌બોધન : માનનીય શ્રી આર.કે. સિંઘ



કેન્દ્રીય ઊર્જા રાજ્યમંત્રીશ્રીએ ભારત સરકારની વીજ સંબંધિત તમામ યોજનાઓના અમલીકરણમાં મોખરે રહેવા બદલ ગુજરાતને બિરદાવ્યું. ગુજરાતમાં વીજ પરિસ્થિતિની સુધારણા અને વીજ નિગમોની કાયાપલટમાં અગત્યના યોગદાન માટે ઊર્જામંત્રીશ્રી શ્રી સૌરભભાઈ પટેલને કેન્દ્રીય ઊર્જામંત્રીશ્રીએ અભિનંદન આપ્યાં હતાં અને કહ્યું હતું કે, ગુજરાત અને હરિયાણાએ જે કર્યું એ સહુ કરી શકે એવા વિશ્વાસ સાથે સહુ કામ કરે.

ભારત સરકારના ઊર્જા રાજ્યમંત્રીશ્રી શ્રી આર.કે. સિંઘે કેન્દ્ર સરકારની વીજ વિષયક તમામ નવી યોજનાઓને અપનાવવા અને તેના અમલમાં મોખરે રહેવા માટે ગુજરાતની પ્રશંસા કરેલ. તેમણે દેશના રાજ્યોના ઊર્જામંત્રીઓની પરિષદના અંતિમ દિવસે રાજયના વીજ નિગમોની કાયાપલટ કરીને વીજ પરિસ્થિતિમાં ધરખમ બદલાવ આણવાની ગુજરાતની સાફલ્ય ગાથાને પ્રેરક ગણાવવાની સાથે આ પ્રક્રિયા સાથે શરૂઆતથી જ સતત સંકળાયેલા રહીને અગત્યનું યોગદાન આપવા માટે શ્રી સૌરભભાઈ પટેલને ખાસ અભિનંદન આપ્યાં હતાં. ગુજરાતની સિદ્ધિઓને બિરદાવતા કેન્દ્રીય ઊર્જા રાજ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે સન 2003માં જ્યારે ગુજરાતે વીજ નિગમોની સુધારણા હાથ ધરી ત્યારે આ નિગમના ખાતે રાજ્યના તે સમયના અંદાજ પત્રની કુલ રકમના 19 % જેટલી જંગી ખોટ જોવા મળતી હતી અને આજે એ જ સંસ્થાઓ નફો કરતી થઈ છે. તેમણે યાદ અપાવી હતી કે પ્રધાનમંત્રીશ્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળમાં અને તેમની પ્રેરણાથી આ સાફલ્યગાથા રચાઈ. તેમણે દેશના વિવિધ રાજ્યોના વીજ નિગમોને બાકી વીજબીલની વસુલાતમાં સક્ષમ સુધારા આણવા ગુજરાત જેવી સિસ્ટમ્સ અપનાવવા અનુરોધ કર્યો હતો.

## ઉદ્બોધન : માનનીય શ્રી સૌરભભાઈ પટેલ




ઊર્જામંત્રીશ્રી શ્રી સૌરભભાઈ પટેલે કેન્દ્રીય ઊર્જામંત્રીશ્રીની લાગણીને સમર્થન આપતાં જણાવ્યું કે, કડકાઈપૂર્વક વીજચોરી અટકાવીને વીજ નિગમોના બહેતરીકરણનું ગુજરાત અને હરિયાણા જેવું કામ અન્ય રાજ્યો કરી શકે છે. વીજળીની ચોરી અટકાવવા વીજ ચોરોને જેલમાં નાખવા જેવા અતિ સખ્ત પગલાંઓને સમર્થન આપીને તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના પ્રધાનમંત્રીશ્રીએ પ્રબળ રાજકીય ઇચ્છાશક્તિનો દાખલો બેસાડી અમને પ્રોત્સાહિત કર્યા હતા. ગુજરાત વિદ્યુતબોર્ડના સ્થાને એક મુખ્ય માર્ગદર્શક કંપની અને સાત સ્વતંત્ર સબસિડિયરીની નવી માળખાકીય સંરચના ખૂબ જ કારગર પુરવાર થઈ. એચ.આર. મેનેજમેન્ટ હેઠળ કર્મચારીઓમાં કોર્પોરેટ કલ્ચર કેળવ્યું જેનાથી કાર્યક્ષમતા ખૂબ વધી. વીજ ઉત્પાદનનો ખર્ચ ઘટાડ્યો અને જનરેશન કેપેસિટી વધારી.

અમે નફો કરવાનો આશય રાખ્યો નથી એવી લાગણી વ્યક્ત કરતાં સૌરભભાઈએ જણાવ્યું કે, વીજ ચોરી અટકાવીને, કરકસર કરીને, સિસ્ટમ્સ સુધારીને જે લાભો શક્ય બને એ વીજ ગ્રાહકો સુધી પહોંચાડવાની નીતિ રાખી છે. એટલે વીજ ટેરીફ વધાર્યા વગર અમે ગ્રાહકોને લાભ આપી શક્યા છીએ. તેના લીધે ગુજરાતના વીજતંત્રની વિશ્વસનીયતા વધી છે. રાજ્ય સરકારે વીજ નિગમોને મજબૂત પીઠબળ આપ્યું છે અને નિગમોને મળવાપાત્ર સબસીડીઓના નાણાં સમયસર ચૂકવાય છે. કેશફ્લો સુધરવાને લીધે આર્થિક પરિસ્થિતિ મજબૂત બની છે. ભવિષ્ય વધુ બહેતર રહેશે એવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.


સ્ટેચ્યુ ઓફ યુનિટી


ઉદ્બોધન


અભિવાદન



પરામર્શ

રિપોર્ટમાં ગુજરાતની તમામ ચાર વીજ વિતરણ કંપનીઓએ સમગ્ર દેશમાં મોખરાનું સ્થાન મેળવી 'એ-પ્લસ' રેટિંગ મેળવેલ, જે અંગેની જાહેરાત કરવામાં આવેલ.

આ રેટિંગ રિપોર્ટમાં ઊર્જામંત્રાલય દ્વારા કુલ 41 વીજ વિતરણ કંપનીઓનું વિવિધ સ્થળે, ખાસ કરીને વીજ કંપનીઓની સંચાલકીય, નાણાકીય, રેગ્યુલેટરી તેમજ રિફોર્મ્સને લગતાં પાસાંઓને ધ્યાનમાં લઈને પૃથક્કરણ કરવામાં આવેલ. જેમાં ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ હસ્તકની દક્ષિણ ગુજરાત વીજ કંપનીએ પ્રથમ ક્રમાંક, ઉત્તર ગુજરાત વીજ કંપનીએ દ્વિતીય ક્રમાંક, મધ્ય ગુજરાત વીજ કંપનીએ તૃતીય ક્રમાંક તથા પશ્ચિમ ગુજરાત વીજ કંપનીએ પાંચમો ક્રમાંક હાંસલ કરેલ, જેની જાહેરાત કરવામાં આવેલ.

ભારત સરકારના ઊર્જા રાજ્યમંત્રી શ્રી આર.કે. સિંઘે તથા ગુજરાત રાજ્યના ઊર્જામંત્રી શ્રી પટેલે આ પ્રસંગે ખાસ અભિનંદન પાઠવી વીજક્ષેત્રે ગુજરાત ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભેચ્છા પાઠવેલ. ગુજરાતની ચારેય વીજ વિતરણ કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રીઓને સ્ટેજ ઉપર બોલાવીને ખાસ અભિનંદન પાઠવતાં જણાવેલ કે આવનારા સમયમાં પણ ગુજરાતની વીજ વિતરણ કંપનીઓ પોતાનું સ્થાન જાળવી રાખશે તેવી અપેક્ષા રાખું છું. રિન્યુએબલ એનર્જીના ઉત્પાદન અને વપરાશ માટે ખાસ ભાર મુકતાં જણાવેલ કે ભારત સરકાર સરહદી રાજ્યોના વિસ્તારોમાં એક સોલાર એનર્જી જનરેશનનો બેલ્ટ બનાવવા વિચારી રહેલ છે.

આ કોન્ફરન્સમાં ઊર્જાક્ષેત્રને સ્પર્શતા વિવિધ મુદ્દાઓ અને તેના વિકાસને લગતી બાબતો ખાસ કરીને ગ્રાહકોને સારી વીજ સેવાઓ મળી રહે, તેમજ પર્યાવરણ સંરક્ષણ અને સોલાર એનર્જીને પ્રોત્સાહન અંગે વિવિધ મુદ્દાઓ અલગઅલગ રાજ્યોના પ્રતિનિધિઓ સાથે ચર્ચા-વાર્તાલાપ કરવામાં આવેલ.


વિવિધ રાજ્યોમાંથી પધારેલ પ્રતિનિધિઓએ સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લઈને ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા આયોજિત ગુજરાતની લોકસંસ્કૃતિ, કલા અને વારસાની ઝલક આપતો સાંસ્કૃતિક કાર્યક્રમ માણેલ. ■

## સાંકળચંદ પટેલ યુનિવર્સિટી વિસનગર ખાતે

# ઊર્જા સંરક્ષણ વિષય પર પરિસંવાદ યોજાયો



દિપપ્રાગટ્ય



ઊર્જા સંરક્ષણ પુસ્તિકાનું વિમોચન



ઊર્જા સંરક્ષણ માટેનો સંકલ્પ

તા. ૨૧/૧૦/૨૦૧૯ના રોજ વિસનગર ખાતે આવેલ સાંકળચંદ પટેલ યુનિવર્સિટી ખાતે ડેન્ટલ કોલેજના હોલમાં ઊર્જા સંરક્ષણ વિષય પર પરિસંવાદ યોજાયેલ. ઉપરોક્ત પરિસંવાદ ફેકલ્ટી ઓફ કોમર્સ, સાંકળચંદ પટેલ યુનિવર્સિટી, ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, મેહસાણા અને જાગરૂક ગ્રાહક મંડળ, પાટણના સયુંકત ઉપક્રમે કરવામાં આવેલ. ઉપરોક્ત પરિસંવાદમાં મુખ્ય અતિથિ તરીકે યુજીવીસીએલના મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ સિંઘ, કી-નોટ સ્પીકર શ્રી આર.સી. દેસાઈ, ડો. જે.આર. પટેલ, ડીન ફેકલ્ટી ઓફ ડેન્ટલ સાયન્સ ડો. અશ્વિન મોદી, કોઓર્ડિનેટર, જાગરૂક ગ્રાહક મંડળ, પાટણ શ્રી સી.જે. રાજપાલ, અધિક્ષક ઇજનેર, મહેસાણા સર્કલ, યુજીવીસીએલ ડો. રસીકભાઈ પ્રજાપતિ, એચઓડી, ફેકલ્ટી ઓફ કોમર્સ, ડો. એચ.ડી. પવાર, પી.જી. કોઓર્ડિનેટર અને એકાઉન્ટન્સી ડિપાર્ટમેન્ટ, તેમજ અન્ય મહાનુભાવોએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને ઊર્જા સંરક્ષણ અંગેની રસપ્રદ માહિતી અને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

ઉપરોક્ત સેમિનારમાં વિશાળ સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ડ્રામા, વક્તૃત્વસ્પર્ધા અને ચિત્રસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે વિજેતાઓને અને અન્ય સ્પર્ધકોને ઇનામ અને પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું.



પ્રથમ વિજેતા : વક્તૃત્વસ્પર્ધા



પ્રથમ વિજેતા : નાટ્યસ્પર્ધા



દ્વિતીય વિજેતા : વક્તૃત્વસ્પર્ધા



દ્વિતીય વિજેતા : નાટ્યસ્પર્ધા



તૃતીય વિજેતા : વક્તૃત્વસ્પર્ધા



તૃતીય વિજેતા : નાટ્યસ્પર્ધા

મુખ્ય મહેમાન શ્રી મહેશ સિંઘ દ્વારા વીજળીનો કરકસરયુક્ત ઉપયોગ કરવા અપીલ કરાઈ હતી. કુદરતી સંશાધનો જે વીજળીના ઉત્પાદનમાં વપરાય છે તેનો ત્યારે જ બચાવ થશે કે જ્યારે આપણે વીજળીની બચત કરીશું. વીજળીના બિન પરંપરાગત સ્રોત જેવા કે સોલાર એનર્જી અને વિન્ડ એનર્જી દ્વારા વીજળીનું મહત્તમ ઉત્પાદન થાય તેના પર ભાર મુકવામાં આવેલ.



પ્રથમ વિજેતા : ચિત્રસ્પર્ધા




દ્વિતીય વિજેતા : ચિત્રસ્પર્ધા




તૃતીય વિજેતા : ચિત્રસ્પર્ધા



ચિત્રસ્પર્ધામાં પ્રથમ ક્રમે




ચિત્રસ્પર્ધામાં દ્વિતીય ક્રમે




ચિત્રસ્પર્ધામાં તૃતીય ક્રમે

**વક્તૃત્વસ્પર્ધા : વિજેતા તથા નિર્ણાયકની યાદી**

| | |
|---|---|
| પ્રથમ વિજેતા | બિલાડીવાળા શમા (કોમર્સ) |
| દ્વિતીય વિજેતા | પન્સારા ધૃવિ એ. (ડેન્ટલ) |
| તૃતીય વિજેતા | રાવલ વિશ્વા એન. |
| નિર્ણાયક | શ્રી સંજયકુમાર જી. પ્રજાપતિ, જુનિયર ઇજનેર, વિસનગર, યુજીવીસીએલ |

**નાટ્યસ્પર્ધા : વિજેતા તથા નિર્ણાયકની યાદી**

| | |
|---|---|
| પ્રથમ વિજેતા | રાવલ વિશ્વા એન્ડ ગૃપ (સાયન્સ એન્ડ કોમર્સ) |
| દ્વિતીય વિજેતા | ભૂમિ પટેલ એન્ડ ગૃપ |
| તૃતીય વિજેતા | જિજ્ઞેશ યાદવ એન્ડ ગૃપ |
| નિર્ણાયક | શ્રી શૈલેશ એ. નાયક,<br>ઇન્ચાર્જ મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન), યુજીવીસીએલ |

**ચિત્રસ્પર્ધા : વિજેતા તથા નિર્ણાયકની યાદી**

| | |
|---|---|
| પ્રથમ વિજેતા | ભુવા ઋત્વિક (ડેન્ટલ સાયન્સ) |
| દ્વિતીય વિજેતા | મેમણ મુસ્કાન ઝાકીરભાઈ (કોમર્સ) |
| તૃતીય વિજેતા | ધોબી ભાર્ગવી બી. |
| નિર્ણાયક | શ્રી મનિષકુમાર ડી. પ્રજાપતિ, નાયબ ઇજનેર, વિસનગર, યુજીવીસીએલ |



ઊર્જા સંરક્ષણ વાનનું નિદર્શન

ફેકલ્ટી ઓફ કોમર્સ સાંકળચંદ પટેલ યુનિવર્સિટી, વિસનગર, તેમજ જાગરૂક ગ્રાહક મંડળ, પાટણ દ્વારા સમગ્ર કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવેલ.

આ કાર્યક્રમના આયોજન અને સંચાલનમાં સંસ્થાના પ્રિન્સિપાલ, ડો. આર.એમ. પટેલ, એચઓડી ડો. રસિકભાઈ પ્રજાપતિ, પી.જી. કોઓર્ડિનેટર, ડો. હુક્મારામ પવાર, પ્રા. શ્રી આકાશ પટેલ, શ્રી નિકુંજ પટેલ, ડો. કિંચિત શાહ તેમજ અન્ય શૈક્ષણિક-બિનશૈક્ષણિક સ્ટાફે મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. ઉપરોક્ત સેમિનારના સફળતા પૂર્વક આયોજન બદલ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ શ્રી પ્રકાશભાઈ પટેલ અને વાઈસ ચાન્સેલર પ્રો. ડૉ. વી.કે. શ્રીવાસ્તવે શુભેચ્છાઓ પાઠવી હતી. ■

# બીએસઈએસ રાજધાની પાવર લિમિટેડ નવી દિલ્હીના વરિષ્ઠ અધિકારીઓ યુજીવીસીએલની મુલાકાતે

અગાઉ ગુજરાત વિદ્યુત બોર્ડ અસ્તિત્વમાં હતું ત્યારે વીજ વિતરણની કામગીરીની વધુ જાણકારી માટે અવારનવાર કંપનીના વરિષ્ઠ અધિકારીઓ અન્ય વીજ વિતરણની કામગીરીની જાણકારી માટે અન્ય રાજ્યોની મુલાકાત લેતા હતા. જ્યારે પુનર્ગઠનની પ્રક્રિયા બાદ અસ્તિત્વમાં આવેલ આપણી ચાર વીજ વિતરણ કંપનીઓએ પોતાની અદ્વિતીય કામગીરીથી વીજ વિતરણની સુદૃઢ વ્યવસ્થા તેમજ નવા સંશોધનોનું અસરકારકરીતે અમલીકરણ કર્યું. જેને લીધે સમગ્ર ભારતમાં ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. હસ્તકની ચારેય વીજ વિતરણ કંપનીએ પોતાની કામગીરી માટે ટોચનું સ્થાન પ્રાપ્ત કરી હંમેશા 'એ પ્લસ' કેટેગરી હાસલ કરેલ છે.

જેનાથી પ્રભાવિત થઈ અગાઉ પણ બિહાર, ઝારખંડ, હરિયાણા, મધ્યપ્રદેશ, રાજસ્થાન, બેંગલોરની વીજ વિતરણ કંપનીના ઉચ્ચ હોદ્દેદાર અવારનવાર યુજીવીસીએલના કાર્યક્ષેત્રની મુલાકાતે આવેલ છે અને વીજ વિતરણ ક્ષેત્રે કરવામાં આવેલ આમૂલ પરિવર્તનની નોંધ લીધેલ.

તા. 25-9-2019ના રોજ બીએસઈએસ રાજધાની પાવર લિમિટેડ, નવી દિલ્હીના ઉચ્ચઅધિકારીઓ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના કાર્યક્ષેત્રની મુલાકાતે આવેલ, જેમાં શ્રી રાજેશ દોશી, એડિશનલ વાઇસ પ્રેસિડેન્ટ, શ્રી નિશાંત શ્રીવાસ્તવ, જનરલ મેનેજર, શ્રી વિકાસ શ્રીવાસ્તવ, જનરલ મેનેજર, શ્રી મનોહર લાલ ચૌધરી, ડેપ્યુટી જનરલ મેનેજરનો સમાવેશ થાય છે.

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ તરફથી પધારેલ મહાનુભાવોને કંપનીની કામગીરી તેમજ પ્રસિદ્ધિઓથી માહિતગાર કરવા માટે કંપનીના વિશેષ મુખ્ય ઇજનેર (ટેક) શ્રી જે.કે. દરજી, આર.ઓ., મહેસાણા તથા શ્રી એ.એન. દિવાન, નાયબ ઇજનેર (હાઇટેક મીટર લેબ), સાબરમતી હાજર રહેલ.



બૂકે દ્વારા સ્વાગત



બૂકે દ્વારા સ્વાગત



ટ્રાન્સફોર્મર સેન્ટરની મુલાકાત



એનએબીએલ લેબની મુલાકાત

### મુલાકાતનો હેતુ...

- એન્ડ-ટુ-એન્ડ સ્માર્ટ ગ્રીડ સોલ્યુશનનો અનુભવ મેળવવો
- મીટર સ્થાપન પ્રયાસો
- સ્માર્ટ મીટરિંગ પ્રક્રિયા
- માલસામગ્રીના જથ્થાની ઉપાડ અને પરત કરવાની પ્રક્રિયા
- મીટર અને સીલ સમાધાન
- એમસીઆર અને લેબ પરીક્ષણની સૂચના સમાધાન
- ઓલ્ડ મીટર રીટર્ન અને સમાધાન
- મીટર ડાઉનલોડ કરવાની પ્રક્રિયા
- બિલિંગ પ્રક્રિયા
- ટીએન્ડડી ઘટાડવાની પ્રક્રિયા
- મીટર પરીક્ષણ લેબની મુલાકાત તેમજ અન્ય કામગીરીની પ્રક્રિયાઓ જાણવી

સાબરમતી ખાતે આવેલ હાઇટેક લેબમાં પધારેલ મહાનુભાવોનું બૂકે દ્વારા સ્વાગત કરવામાં આવેલ. શ્રી જે.કે. દરજી દ્વારા યુજીવીસીએલ પ્રોવિઝનલ માસ્ટરની પાવર પોઇન્ટ સ્લાઇડ્સ રજૂ કરવામાં આવેલ. તેમજ યુજીવીસીએલની ટીમ દ્વારા એચ.ટી. મીટર ટેસ્ટિંગ, સોલાર મીટર ટેસ્ટિંગ, ઓડિટ ટેસ્ટિંગ, પ્રાઇવેટ મીટર ટેસ્ટિંગ, સીટીપીટી ટેસ્ટિંગની પ્રક્રિયાઓનું નિદર્શન કરવામાં આવેલ. બીએસઈએસ રાજધાની પાવર લિમિટેડ, નવી દિલ્હીની ટીમે હાઇટેક મીટર લેબોરેટરીની મુલાકાત વખતે સચોટ કામગીરી તેમજ 100 ટકા સચોટ પરિક્ષણની હકારાત્મક નોંધ લીધેલી.

યુજીવીસીએલની ટીમ દ્વારા પ્રત્યક્ષ માહિતી માટે વિભાગીય લેબોરેટરીની મુલાકાત લઈ માલસામગ્રી આદાનપ્રદાન માટેની પ્રક્રિયા, મીટર અને સીલ સમાધાન, વિભાગીય મીટર પરીક્ષણ પ્રયોગશાળા, એમસીઆર અને લેબ પરીક્ષણની સૂચના, સમાધાન, ઓલ્ડ મીટર રીટર્ન અને

સમાધાન, મીટર ડાઉનલોડિંગ પ્રક્રિયા, બિલિંગ પ્રક્રિયાની માહિતી પૂરી પાડવામાં આવેલ.

ઈ-ઊર્જા મોડ્યુલરની સમજ આપવામાં આવેલ તેમજ નરોડા અર્બન સબડિવિઝનની મુલાકાત લઈને સ્માર્ટ મીટરનું નિર્દશન કરવામાં આવેલું, તેમજ તેના ઇસ્ટોલેશન, કનેક્શન - ડિશકનેક્શન ફેસેલિટીના પ્રતિસાદનો સમય દર્શાવવાની પ્રક્રિયા સમજાવવામાં આવેલ અને સ્માર્ટ મીટર જ્યાં નાખવામાં આવેલ તે રહેઠાણોની પ્રત્યક્ષ મુલાકાત લીધેલ. નરોડા અર્બન સબડિવિઝન ખાતે આવેલ સ્પેશિયલ ડિઝાઇન્ડ ટ્રાન્સફોર્મર સેન્ટરની મુલાકાત લઈ તેની કામગીરી અંગેની સમજુતી આપેલ.

ત્યારબાદ એનર્જી મેનેજમેન્ટ સેન્ટર, ગાંધીનગરની મુલાકાત લઈને સ્માર્ટ મીટરના નિદર્શન ઉપરાંત તેના સોફ્ટવેરની માહિતી પૂરી પાડવામાં આવેલ. જ્યાં આગળ ડેટા કલેક્શન એફિસિયન્સી આર.એફ. મોડ્યુલ સાથે 99 ટકા દર્શાવેલ.

મુલાકાત બાદ બીએસઈએસ રાજધાની પાવર લિમિટેડ, નવી દિલ્હીના વરિષ્ઠ અધિકારીઓએ યુજીવીસીએલની કામગીરી અને આપણી ટીમ દ્વારા આપવામાં આવેલ સહકાર બદલ આભારની લાગણી વ્યક્ત કરેલ. ■

## પાલનપુર ખાતે મુખ્યમંત્રી એપ્રેન્ટિસશીપ યોજના હેઠળ

# નિમણૂકપત્ર એનાયત સમારંભ



*બૂકે દ્વારા સ્વાગત*



*મેનેજિંગ ડિરેક્ટરશ્રીના વરદ્ હસ્તે નિમણૂકપત્ર*



*જિલ્લા વિકાસ અધિકારીશ્રીના વરદ્ હસ્તે નિમણૂકપત્ર*

તા. 14-8-2019ના રોજ મુખ્યમંત્રી એપ્રેન્ટિસશીપ યોજના અંતર્ગત ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના વર્તુળ કચેરી, પાલનપુર દ્વારા પસંદગી પામેલા એપ્રેન્ટિસ યુવાનોને તાલીમાર્થી તરીકે નિયુક્તિપત્રો આપવાના કાર્યક્રમનું આયોજન, શ્રી કાનુભાઈ મહેતા, સાંસ્કૃતિક ભવન, વિદ્યામંદિર સંકુલ, પાલનપુર ખાતે આયોજન કરવામાં આવેલ.

મેનેજિંગ ડિરેક્ટર, શ્રી મહેશ સિંઘના વરદ્ હસ્તે ૧૮૭ યુવાનોને નિમણૂકપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. મેનેજિંગ ડિરેક્ટરશ્રીએ નવનિયુક્ત તાલીમાર્થીઓને શુભકામનાઓ આપતા તાલીમનું મહત્ત્વ અને તાલીમ સાથે સલામતીને વિશેષ મહત્ત્વ રાખીને ગ્રાહકોલક્ષી સેવા કરવા જણાવવામાં આવેલ.

શ્રી એલ.એ. ગઢવી, વિશેષ મુખ્ય ઇજનેર, વર્તુળ કચેરી, પાલનપુર દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવેલ. વિશેષ



*કલેક્ટરશ્રીના વરદ્ હસ્તે નિમણૂકપત્ર*



*ઉપસ્થિત અધિકારીઓ તથા ઉમેદવારો*

મહાપ્રબંધક, શ્રી એ.સી. પ્રજાપતિ દ્વારા મુખ્યમંત્રી એપ્રેન્ટિસ યોજના અંગેની સમજ તથા ઉજ્જવળ કારકિર્દી અંગેનું ઘડતર કરવા અંગેની શુભકામનાઓ આપવામાં આવેલ અને તાલીમ અંગેના ફાયદા અંગેની વિગતવાર સમજણ આપવામાં આવેલ.

આ પ્રસંગે મહાનુભાવોમાં શ્રી સંદીપ સાંગલે, જિલ્લા કલેક્ટર, બનાસકાંઠા, શ્રી બી.એ. શાહ, જિલ્લા વિકાસ અધિકારી, બનાસકાંઠા, શ્રી આર.બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઈનાન્સ), શ્રી એલ.એ. ગઢવી, વિશેષ મુખ્ય ઇજનેર, વર્તુળ કચેરી, પાલનપુર, શ્રી એચ.એચ. ગઢવી, રોજગાર અધિકારી, પાલનપુર, શ્રી પી.બી. તડવી, જનરલ મેનેજર, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, પાલનપુર, શ્રી એચ.એ. દોમડિયા, આચાર્યશ્રી આઇટીઆઈ, પાલનપુર, શ્રીમતી એમ.પી. શાહ, આચાર્યશ્રી, આઇટીઆઇ ડીસા, વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી વાય.એ. ઘોરી, કાર્યપાલક – (માનવસંપદા) વર્તુળ કચેરી, પાલનપુરે ઉપસ્થિત મહાનુભાવોનો આભાર વ્યક્ત કરેલ. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી સ્નેહલકુમાર જોષી દ્વારા કરવામાં આવેલ. ■

# મહેસાણા કોર્પોરેટ ઓફિસ દ્વારા સ્વચ્છતા અભિયાનની ઉજવણી


યુજીવીસીએલના સ્વચ્છતાગ્રહીઓ

પરમ પૂજ્ય મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે તા.૨-૧૦-૨૦૧૯ના રોજ યુજીવીસીએલ કોર્પોરેટ ઓફિસ, મહેસાણા ખાતે માનનીય વડા પ્રધાનશ્રીની પ્રેરણા અનુસાર ‘‘સ્વચ્છ ભારત મિશન’’ અંતર્ગત ટીમ એચ.આર. દ્વારા સ્વચ્છતા અભિયાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોર્પોરેટ કચેરી, વર્તુળ કચેરી તથા વિભાગીય કચેરી, મહેસાણામાં કાર્યરત કર્મચારીભાઈઓ તથા બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં પૂજ્ય બાપુને તેમની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ત્યારબાદ કર્મચારી/અધિકારીભાઈઓ તથા બહેનો દ્વારા રજી. કચેરીના પટાંગણ, રહેણાંક કોલોની તથા કચેરીના પરિસરની બહારના રસ્તા પર સફાઈ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ ‘‘સ્વચ્છ ભારત મિશન’’ અંતર્ગત એક સભાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું, જેમાં પૂજ્ય બાપુના સ્વચ્છતા પાલનના વિચારોની આપ-લે કરવામાં આવી હતી. તેમજ માનનીય મેનેજિંગ ડિરેક્ટરશ્રીની આજ્ઞાનુસાર એક પરિપત્ર પણ બહાર પાડવામાં આવેલ, જેમાં સૂચવ્યા અનુસાર સ્વચ્છતા એ માત્ર એક દિવસનો કાર્યક્રમ નહીં, પરંતુ આપણા રોજિંદા જીવનમાં તેનું સતત પાલન પણ થવું જોઈએ. (૧) કંપનીની કચેરી તથા કચેરી પરિસરને સાફ-સ્વચ્છ રાખવાનો પ્રયત્ન કરીશું અને કચરો કચરા પેટીમાં જ નાખીશું. (૨) જો કોઈ પણ કચેરી કે કચેરી પરિસરમાં કચરો બહાર ક્યાંય પણ પડેલો દેખાય તો દરેક અધિકારી/કર્મચારી પોતાની નૈતિક ફરજ સમજીને આ કચરાને ઉઠાવીને કચરા પેટીમાં નાંખશે. (૩) તમામ ફાઈલ, ફોલ્ડર, દસ્તાવેજ, રેકોર્ડ્સ તથા અન્ય જરૂરી કાગળોને ગમે ત્યાં છુટા ના ફેંકતા યોગ્ય રીતે મુકીશું. (૪) કચેરી પરિસરમાં જ્યાં પણ ઝાડ-પાન કે ઘાસ હોય ત્યાં યોગ્ય રીતે સાફ-સફાઈ તથા જરૂરી સમારકામ કરીશું તથા ફૂલ-છોડ વાવીને નિયમિત સંભાળ રાખીશું. (૫) દરેક કચેરીએ ગટર તેમજ પાણીના નિકાલની વ્યવસ્થાનું સમાયંતરે ધ્યાન રાખીશું, જેથી તેના કારણે પેદા થતી ગંદકીનો પ્રશ્ન ઊભો જ ના થાય.

અંતમાં સ્વચ્છતાના પાલન દ્વારા દેશની સમૃદ્ધિ અને પર્યાવરણની જાળવણીના અભિગમને રોજિંદા જીવનમાં અપનાવીને ઉપસ્થિત તમામ કર્મચારીભાઈ તથા બહેનો દ્વારા આજથી "NO USE OF SINGLE USE PLASTIC"ના સંકલ્પ સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું. ■

# પાલનપુર વર્તુળ કચેરી દ્વારા સ્વચ્છતા અભિયાનની ઉજવણી





પૂજ્ય મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતી નિમિત્તે પાલનપુર વર્તુળ કચેરી અને તેના તાબા હેઠળની કચેરીઓમાં તા. ૨-૧૦-૨૦૧૯ના રોજ કચેરીના પટાંગણમાં ફરજ બજાવતા કર્મચારી/અધિકારીઓએ સફાઈ તેમજ વૃક્ષારોપણની કામગીરી ખૂબ જ જુસ્સાભેર કરવામાં આવેલ. વર્તુળ કચેરી પાલનપુરના પટાંગણમાં વર્તુળ કચેરીના વડા, વિશેષ મુખ્ય ઇજનેર, શ્રી એલ.એ. ગઢવીના માર્ગદર્શન હેઠળ વર્તુળ કચેરી પાલનપુર/પાલનપુર વિભાગીય કચેરી-૧, પાલનપુર વિભાગીય કચેરી-૨ના કર્મચારી/અધિકારીઓએ સફાઈ તેમજ વૃક્ષારોપણની કામગીરીમાં ભાગ લીધેલ.

વિશેષ મુખ્ય ઇજનેર, શ્રી એલ.એ. ગઢવી દ્વારા સફાઈ અભિયાન દિવસ સિવાય પણ કાયમી ધોરણે આપણાં ઘર, મહોલ્લા અને નોકરીના સ્થળે સફાઈ રાખવા ખાસ અનુરોધ કરેલ, તેમજ સફાઈ અને વૃક્ષારોપણ અંગેના ફાયદા અંગેની વિગતવાર સમજણ આપવામાં આવી હતી. સાથે સાથે પાલનપુર વર્તુળ કચેરીના તાબા હેઠળની વિવિધ વિભાગીય કચેરીઓ સિદ્ધપુર, ડીસા-૧, ડીસા-૨ તેમજ રાધનપુર તેમજ પેટા વિભાગીય કચેરીઓમાં પણ સફાઈ અભિયાનની ઉજવણી કરવામાં આવેલ.

આ કાર્યક્રમમાં શ્રી એલ.એ. ગઢવી, વિશેષ મુખ્ય ઇજનેર, પાલનપુર વર્તુળ કચેરી, શ્રી જી.ડી. પટેલ, અધિક્ષક ઇજનેર, આર એન્ડ સી ઓફિસ, મહેસાણા, શ્રી પી.એસ. પટેલ, કાર્યપાલક ઇજનેર સિવિલ, શ્રી એન.એચ. મહેતા, કાર્યપાલક ઇજનેર, પાલનપુર વિભાગીય કચેરી-૧, શ્રી ડી.જે. આગલોડીયા, નાયબ ઇજનેર, પાલનપુર, વિભાગીય કચેરી-૨, શ્રી કે.આર. જોષી, નાયબ ઇજનેર, (ટેક-૨), શ્રી એસ.બી. પટેલ, નાયબ ઇજનેર (ટેક-૨), શ્રી એ.આર. પટેલ, (હિસાબનીશ અધિકારી-આવક), શ્રી ટી.બી. બરંડા (સહાયક સચિવ), શ્રી વાય.એ. ઘોરી (કાર્યપાલક માં.સં.), કું. ડી.જે. મોઢ, જુનિયર ઇજનેર, શ્રી પી.એમ. મેવાડા, અધિક્ષક હિસાબનીશ ખર્ચ), શ્રી એ.વી. મેમણ, નાયબ અધિક્ષક, વહીવટ, શ્રી સી.એમ. દેસાઈ, નાયબ અધિક્ષક (વહીવટ), શ્રીમતી સી.એચ. મોદી, નાયબ અધિક્ષક (વહીવટ) તેમજ અન્ય કર્મચારી/અધિકારીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ■

# મહેસાણા ખાતે મનજાગૃત મહિલામંડળ દ્વારા ગરબાનું આયોજન







તા. ૪-૧૦-૨૦૧૯ના રોજ રજીસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ ઓફિસ મહેસાણાના પટાંગણમાં આવેલ રિક્રિએશન ક્લબ ખાતે નવરાત્રિ મહોત્સવની ઉજવણીના ભાગરૂપે દર વર્ષની જેમ આ વખતે પણ મનજાગૃત મહિલામંડળ દ્વારા ગરબાનું આયોજન કરવામાં આવેલ. જેમાં રજીસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ ઓફિસ, સર્કલ ઓફિસ, વિભાગીય કચેરી, જેટકોના મહિલા કર્મચારીઓ તેમજ કોલોનીની બહેનોએ ઉત્સાહ અને ઉમંગભેર આદ્યશક્તિ મા અંબાની ભક્તિ કરવાનો અદમ્ય લ્હાવો ગરબે ઘુમીને લીધેલ.



કાર્યક્રમની શરૂઆતમાં માતાજીની આરતી ઉતારવામાં આવેલ, જેમાં કંપનીના મુખ્ય ઈજનેર (ઓપરેશન), શ્રી પી.બી. પંડ્યા, મુખ્ય ઈજનેર (પી.), શ્રી વી.એમ. શ્રોફ, જનરલ મેનેજર (ફાઈનાન્સ), શ્રી આર.બી. કોઠારી, કંપની સેક્રેટરી, શ્રી એન.એમ. જોષી, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.), શ્રી એ.સી. પ્રજાપતિ, કંપનીના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓએ ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવવા પ્રોત્સાહિત કરેલ. ■



# સાબરમતી ખાતે વર્કિંગ વીમેન એસોસિએશન દ્વારા ગરબાનું આયોજન





તારીખ ૫-૧૦-૨૦૧૯ના રોજ સર્કલ ઓફિસ સાબરમતીના પટાંગણમાં આવેલ બગીચા ખાતે નવરાત્રિ મહોત્સવની ઉજવણીના ભાગરૂપે દર વર્ષની જેમ આ વખતે પણ વર્કિંગ વીમેન સાબરમતી દ્વારા ગરબાનું આયોજન કરવામાં આવેલ. જેમાં સર્કલ ઓફિસ તથા વિભાગીય કચેરીની મહિલા કર્મચારીઓએ તેમજ કોલોનીની બહેનોએ ઉત્સાહ અને ઉમંગભેર આદ્યશક્તિ મા અંબાની ભક્તિ કરવાનો અદમ્ય લ્હાવો ગરબે ઘુમીને લીધેલ.

કાર્યક્રમની શરૂઆતમાં માતાજીની આરતી ઉતારવામાં આવેલ, જેમાં કંપનીના કાર્યપાલક ઈજનેર, શ્રી પી.આર. ગુપ્તા, પર્સોનલ ઓફિસર, શ્રી એલ.એમ. મહિડા, હિસાબી અધિકારી (ખર્ચ), શ્રી હાર્દિકભાઈ શ્રોફ, અધિક્ષક (એકાઉન્ટસ), શ્રી નિરવભાઈ દવે ઉપસ્થિત રહેલ અને મહિલા કર્મચારીઓનો ઉત્સાહ વધારેલ. ■

# યુજીવીસીએલ વધુ એક વાર સ્કોચના મેરિટ એવોર્ડના સેમિફાઈનાલિસ્ટ તરીકે સન્માનિત

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ વધુ એક વાર સ્કોચના મેરિટ એવોર્ડ માટે સેમિફાઈનાલિસ્ટ તરીકે પસંદગી પામેલ.

તા. 25-9-2019ના રોજ 'વિતરણ ટ્રાન્સફોર્મર નિષ્ફળતા અટકાવવાની કેટેગરી માટે કોન્સ્ટિટ્યૂશન ક્લબ ઓફ ઈન્ડિયા - નવી દિલ્હી ખાતે યોજાયેલ સ્કોચની સમિટમાં કંપનીના, અધિક્ષક ઈજનેર (આરઈ), શ્રી એલ.એફ. ડાભીને સન્માનિત કરવામાં આવેલ. આ સન્માન શ્રી મદન મોહન, નાબાર્ડના પૂર્વ સીજીએમ શ્રી જી.બી. પાંડા, ભૂતપૂર્વ સલાહકાર, આયોજન પંચ અને ડો. ગુરૂશરન ધન્જલ, મેનેજિંગ ડિરેક્ટર, સ્કોચ ગૃપ, ડો. રમેશ પોખરીયલ, માનનીય સંશાધન વિકાસ મંત્રીની ઉપસ્થિતિમાં સમગ્ર કાર્યક્રમ યોજાયેલ.

તા. 7-9-2019ના રોજ કંપનીના વિશેષ મુખ્ય ઈજનેર (ટેક. એન્ડ વિજીલેન્સ), શ્રી જે.કે. દરજી દ્વારા આ અંગેનું પ્રઝેન્ટેશન રજૂ કરવામાં આવેલ. કુલ 1000 અરજીઓ આવેલ જેમાંથી 150 જેટલી અરજીઓ સેમિફાઈનાલિસ્ટ તરીકે શોર્ટલિસ્ટ કરવામાં આવેલ.

અગાઉ ટીએમએસ ગેંગ દ્વારા વિભાગીય કચેરી સ્તરે ટ્રાન્સફોર્મરનું મેઈન્ટેનન્સ કરવામાં આવતું જેને લીધે વારંવાર વીજ વિક્ષેપની ફરિયાદો ગ્રાહકો તરફથી મળતી



અને કંપનીને ગ્રાહકોના અસંતોષનો સામનો કરવો પડતો. યુજીવીસીએલની કોર્પોરેટ ઓફિસ દ્વારા આ અંગે માઈક્રોપ્લાનિંગ કરી સમુહમાં ટ્રાન્સફોર્મર મેઈન્ટેનન્સ નો પ્રોગ્રામ ટીએમએસની ગેંગ સાથે રાખીને કરવામાં આવેલ. જેની લીધે ટ્રાન્સફોર્મર ફેલિયરની સંખ્યા નોંધપાત્ર રીતે ઘટી અને વર્ષ 2017-18માં કુલ 21192 ટ્રાન્સફોર્મર ફેઈલ થયેલ, જેની સરખામણીમાં વર્ષ 2018-19માં કુલ 16289 ફેઈલ થયેલ. આમ કુલ 4,903નો ટ્રાન્સફોર્મર ફેલ્યોરનો ઘટાડો થયેલ. જેનાથી વારંવાર વીજ વિક્ષેપ અને ગ્રાહકોની ફરિયાદોનું વધુ સારું નિવારણ થયેલ. જેનું અસામાન્ય પરિણામ એ આવેલ કે ગ્રાહકોના સંતોષમાં વધારો થયેલ.

વર્ષ 2017-18માં 7.92 ટકા અને વર્ષ 2018-19માં 5.58 ટકા ટ્રાન્સફોર્મર ફેઈલ થયેલ જે ગુજરાતની તમામ વીજ વિતરણ કંપનીમાં સૌથી નીચલાસ્તરે છે. માસ મેઈન્ટેનન્સના પ્રોગ્રામના અસરકારક અમલીકરણને લીધે કંપનીને કુલ 1.80 કરોડનો ફાયદો થયેલ.

સદર સન્માનથી ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના કર્મચારીઓ અને અધિકારીઓના ઉત્સાહમાં વધારો થયેલ. કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી મહેશ સિંઘ દ્વારા કામગીરીને સંલગ્ન તમામ કર્મચારીઓને અભિનંદન પાઠવવામાં આવેલ. ■

# યુજીવીસીએલ પરિવારનો સ્નેહ મિલન સમારોહ

સંવત 2076ના નૂતન વર્ષ નિમિત્તે તા. 1-11-2019ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપની લી. મહેસાણા ખાતે આવેલ ઊર્જા રિક્રિયેશન ક્લબમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ સિંઘના વડપણ હેઠળ સ્નેહ મિલન કાર્યક્રમનું આયોજન કંપનીના મુખ્ય ઈજનેર (ઓપરેશન), શ્રી પી.બી. પંડ્યા, ઈન્ચાર્જ મુખ્ય ઈજનેર (પી), શ્રી વી.એમ. શ્રોફ, જનરલ મેનેજર (ફાઈનાન્સ), શ્રી આર.બી. કોઠારી, કંપની સેક્રેટરી, શ્રી એન.એમ. જોષી તથા કંપનીના ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ. જેમાં વિશાળ સંખ્યામાં કંપનીના કર્મચારીઓ હાજર રહેલ.

કંપનીના વિવિધ વિભાગના વડા અધિકારીઓ દ્વારા ગત વર્ષની સિદ્ધિઓનું મુલ્યાંકન કરી આગામી વર્ષના ઉચ્ચ લક્ષ્યાકોને હાંસલ કરવા માટે સંકલ્પ કરવામાં આવેલ.



કંપનીના માર્ગદર્શક માનનીય મેનેજિંગ ડિરેક્ટરશ્રી દ્વારા કંપનીના તમામ કર્મચારીઓને નૂતન વર્ષના અભિનંદન પાઠવી શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ. તેમજ ગત વર્ષ દરમિયાન કંપનીના કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલ કામગીરીને બિરદાવવામાં આવેલ તેમજ આગામી વર્ષમાં ગ્રાહકલક્ષી અભિગમ અપનાવીને ઉત્સાહપૂર્વક ફરજ બજાવવા અનુરોધ કરેલ. કંપનીના જે કર્મચારીઓ જીવંત વીજ વાયરો સાથે વીજ વિતરણને લગતી કામગીરી કરે છે તેઓને સલામતીના સાધનોનો ઉપયોગ કરી કામગીરી કરવા અપીલ કરેલ, જેથી કંપની દ્વારા નક્કી કરવામાં આવેલ "Zero Accident"ની પોલિસી સાર્થક થાય તેમજ તમામ કર્મચારીઓને સારા સ્વાસ્થ્ય અને સુરક્ષાની શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ.

સમગ્ર કાયક્રર્મનું સફળ આયોજન વિશેષ મહાપ્રબંધક (એચ.આર.), શ્રી એ.સી. પ્રજાપતિના નેતૃત્વ હેઠળ કરવામાં આવેલ. તેમજ સંચાલન શ્રી કે.ડી. બારોટ, નાયબ ઈજનેર દ્વારા કરવામાં આવેલ. ■

## ધનતેરસ અને ચોપડા પૂજન







તારીખ ૨૫/૧૦/૨૦૧૯ના રોજ પાલનપુર વર્તુળ કચેરી ખાતે ધનતેરસ અને ચોપડા પૂજન શ્રી એલ.એ. ગઢવી, વિશેષ મુખ્ય ઇજનેર તથા હિસાબી અધિકારી, શ્રી અમિતભાઈ પટેલ અને શ્રી સી.એસ. બલેવાની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ. જેમાં પાલનપુર વર્તુળ કચેરીના તમામ કર્મચારીઓ હાજર રહેલ. પૂજન વિધિ બાદ તમામ કર્મચારીઓને પ્રસાદીનો લાભ આપવામાં આવેલ. તેમજ ધનતેરશની શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ. ■

## ઉષ્માભેર સ્વાગત




તા. ૨૧-૯-૨૦૧૯ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની ૧૧૫મી બોર્ડ મિટિંગમાં પધારેલ શ્રીમતી શાહમીના હુસૈન, આઇ.એ.એસ.નું બૂકે દ્વારા ઉષ્માભેર સ્વાગત કરતા કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ સિંઘ. ■

## અભિનંદન



ધી ઇન્સ્ટિટ્યૂટ કોસ્ટ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા, અમદાવાદ ચેપ્ટર દ્વારા 22 મી સપ્ટેમ્બરના રોજ ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ ખાતે ચેપ્ટરના સભ્યો અને વિદ્યાર્થીઓ માટે સીએમએ વોલીબોલ ટુર્નામેન્ટ યોજવામાં આવેલ. સદર ટુર્નામેન્ટમાં કુલ આઠ ટીમોએ ભાગ લીધો હતો. સદર ટુર્નામેન્ટમાં આપણી કંપનીના જનરલ મેનેજર ફાઇનાન્સ, સીએમએ શ્રી આર.બી. કોઠારીએ પોતાની 'સિક્સ પેક' ટીમને ટુર્નામેન્ટમાં ઉતારીને ચેમ્પિયન બનાવેલ. યુજીવીસીએલ પરિવાર શ્રી કોઠારીને વોલીબોલ ટીમના સફળ કપ્તાન તરીકે અભિનંદન પાઠવે છે. ■

## યુજીવીસીએલ પરિવાર ગૌરવ



કું. કાનન જયેશકુમાર ઠાકર, સુપુત્રી શ્રી જે.આર. ઠાકર, લાઇનમેન, છાપી સબડિવિઝન, પાલનપુર સર્કલે "ઇન્સ્ટિટ્યૂટ ચાર્ટડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (આઈસીએઆઈ)"ની પરીક્ષા મે, 2019માં પાસ કરેલ છે. યુજીવીસીએલ પરિવાર કું. કાનન જયેશકુમાર ઠાકરને શૈક્ષણિક ક્ષેત્રે તેમજ વ્યવસાયિક ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવા ખૂબ ખૂબ અભિનંદન આપી ભવિષ્યની શુભકામનાઓ પાઠવે છે. ■

I am very happy to go through the latest news letter of APNU UGVCL... The editor has made a very good efforts to cover àll the aspects of àll the corners of UGVCL right from independent day to Ambaji maha Mela...The Newsletter is very very informative, tried to give the justice àll the subjects/ departments... I heartly congratulate the editor having successfully published the excellent magazine of company which is highlighting the achievement to the public and consumers. I wish a very brilliant and glorious success and excellent health, wealth,,and prosperity of UGVCL for the time to come... àll the best wishes to àll staff members and top management...

**- K. K. Soni,** *Ex. General Manager, GUVNL*

Your magazine is so informative which develops interest to read. You deserve due compliments for your initiative and consistent efforts to make the magazine more live. Congrats and wish you good luck for future endeavor. Regard,

**- Romi Bhatiya,**
*Ex.General Manager,*
*GETCO, Baroda*

Thanks, and congratulations for your challenging journey.

**- Dhiren Bhatt,**
*Chief accountant,*
*Bharat Bobbins. Ltd.*
*Ahmedabad*

Nice to receive your in–house Magazine. It reflects your creative mindset and your company's people oriented activities. Very nice, keep it up. Technical aspects of the activities will enhance common people's knowledge inputs. Best regards.

**- Kashyap Joshipura,** *Ex. Sr. Corporate communication Officer, ONGC, Ahmedabad*

Our UGVCL is one of the top performing five power discoms in India, with single digit power loss and better power continuity. I am proud of all UGVCL employees.

I like to be in touch with UGVCL news on all activities. And આપણું યુજીવીસીએલ is made available again with all useful information. Thanks to managment and efforts put by well experienced communicaion team UGVCL. Thank you.

**- A. C. Patel.** Ex. *Chief Engineer, UGVCL*

Hard copy pan joi, bahu mast banavi 6.
Superb Work.

**- Y. S. Raval,**
*Junior Engineer,*
*Palanpur & Volle ball Caption, UGVCL*

Wonderful!
wish you best wishes for new magazine!

**- Sureshbhai Prajapari,**
*GUVNL, Vadodra*

Nice and go ahead with such types of planning.

**- L. A. Gadhavi,**
*Additional Chief Engineer,*
*UGVCL, CO, Palanpur*

Good!

**- B. A. Shah,**
*Ex. Managing Director,*
*UGVCL*

હરદિન દશહરા, હરદિન હૈ દીપાવલી,
અગર હો જીવન મેં ખુશીયા, તો હર પલ હૈ દીવાલી...!

ઉઠાતે હૈ યે જીમ્મેદારીયા અપને શિર પે,
ફેલાતે હૈ નિરંતર રોશની હમ સભી કે ઘર પે,
અગર હે ઇનકે પરિવાર મેં ભી ખુશાલી,
તભી તો કહેંગે કે હર-દિન હૈ દીવાલી...!

કુછ જરૂરિયાતે હંમે જગાયે રખતી હૈ,
ઔર કુછ જીમ્મેદારીયા હમેં સોને નહીં દેતી,
મુશ્કિલ રાહો સે ગુજરકર, ખોજતે હૈ હરિયાલી,
તભી તો કહેંગે કિ હર દિન હૈ દીવાલી...!

જો હુઆ ઇસકા સ્વીકાર કમાલ કરતે હૈ,
ફિરસે ન હો ઉસકા પ્રયાસ બેમિસાલ કરતે હે,
રહે હમ સબ સલામત, ન તુટે કિસી પરિવાર કી ડાલી,
તભી તો કહેંગે કી હર દિન હૈ દિવાલી...!

**એ. સી. પ્રજાપતિ**
વિશેષ મહાપ્રબંધક (માનવસંપદા),
યુજીવીસીએલ, આર.ઓ., મહેસાણા

**''હર્ષ – હાઈકુ તાન્કા''**

આપણા ખોયા બીજાની પંચાતમાં;
(હવે) એકડે એક

લખવાનું લાંબુલચક લિસ્ટ છે ભાથામાં
રસ ક્યાં કોઇને છે બીજાઓની ગાથામાં

અસ્ત થઈ રહ્યો છે સંબંધ આજના જગમાં
ઊભો નથી રહેતો માણસ કોઇની વ્યથામાં

કંઈક તો ફેલાતું રહ્યું સત-દ્વાપર-ત્રેતામાં
બધું વેચાતું રહ્યું છે કળિયુગની પ્રથામાં

વહાવી દીધી જિંદગી કામ ને સંબંધ ઉપર
પોતાનાઓએ રહેવા ના દીધું કંઇ ''હર્ષ''ની ગાથામાં

**એચ. બી. પટેલ**
કાર્યપાલક ઇજનેર, ગાંધીનગર ગ્રામ્ય વિભાગીય કચેરી



સતત હાસ્ય ક્યારેય આવતું નથી,
રડવું કેમ આવતું હશે?

પડકારો વગરની જિંદગી નકામી છે,
તો ડર કેમ લાગતો હશે?

બીજાને દેવા શિખામણ હુજૂમ જામી જાય છે,
પોતાના પર વીતે તો કેમ ભૂલી જાય છે?

જાણે છે બધા જીવન છે એનું મોત છો નિશ્ચિત,
તોય મોતનો સતત ડર કેમ રહે છે?

જાણી લો પોતાનામાં રહેલા આત્માને હે માનવો,
આ સૃષ્ટિ એ એક રંગમંચ માત્ર છે સુખી થશો એ જાણશો.

માણસને માણસ સમજતાં,
માણસાઈ ના મળી ક્યાંય,

શોધું છું ભગવાનને માણસ બતાવે કોઈ,
ભગવાન ખુદને ભૂલ્યો માણસ બનાવી ગોથે ચડ્યો,

પસ્તાય એ પણ હવે શું થાય,
બનાવનારને બનાવી ગયો,

નથી કોખ મલતી એને ક્યાંય,
જશોદા કે દેવકી જન્મતી નથી આંચ,

સમય છે સમર્થ નથી કોઈની કારી,
શું ભગવાન શું માનવી ગયા હારી,

મીરાનું ઝેર અને નરસિંહની હુંડી,
ભગવાનને લાગે માનવ જાત ભૂંડી,

ડુબી ગયો એ ખુદમાં ભૂલ્યો એ ભાન,
માનવ એ માનવતા ભૂલી ને ભૂલી સામ,

''શૈલ''ની વાત માનો ને બનો માનવ,
અસુરો ને ત્યાગો બનાવો ભારત મહાન.

**શૈલેષ એમ. યાદવ**
ડેપ્યુટી એન્જિનીયર, યુજીવીસીએલ, સબડિવિઝન, દાંતા



રાજ્યની હરિત ઊર્જા
તરફ હરણફાળ...
ઘર ઘર માટે સૌર ઊર્જા...

સૂર્ય ઊર્જા રૂફટોપ યોજના
સૂર્ય ગુજરાત

# સૂર્ય ઊર્જા રૂફટોપ યોજના



**સમગ્ર દેશમાં પ્રથમ વખત**
**૨ લાખ કુટુંબો હવે સૂર્ય ઊર્જાથી મફત વીજળી પોતે વાપરશે અને બચત થયેલી વીજળી સરકારને વેચશે**

સમગ્ર દેશમાં અગ્રેસર ગુજરાતઃ
ચાલુ વર્ષે ૨ લાખ સોલાર રૂફટોપ સાથે
આગામી ૩ વર્ષમાં ૮ લાખ સોલાર રૂફટોપ
દ્વારા ૧૮૦૦ મેગાવોટ વીજ ઉત્પાદનનો લક્ષ્યાંક

વહેલા તે પહેલાના ધોરણે માર્ચ ૨૦૨૦ સુધીમાં
૨ લાખ કુટુંબોને લાભ મળશે

**હવે ગુજરાતના નાગરિક વીજ વપરાશની સાથે વીજળી વેચી શકશે**

**સોલાર રૂફટોપની માહિતી મેળવવા જુઓ https://suryagujarat.guvnl.com – ગુજરાત સરકાર**



વધુ જાણકારી માટે નીચે જણાવેલ કચેરી અથવા વેબસાઈટ અને ટોલ ફ્રી નંબર પર સંપર્ક કરો.

www.ugvcl.com યુજીવીસીએલ - ૧૮૦૦ ૨૩૩ ૧૫૫૩૩૫ તથા ૧૯૧૨૧

UGVCL

| અધિક્ષક ઈજનેરશ્રી | અધિક્ષક ઈજનેરશ્રી | અધિક્ષક ઈજનેરશ્રી | વિશેષ મુખ્ય ઈજનેરીશ્રી | સોલાર સેલ, કોર્પોરેટ ઓફીસ |
|---|---|---|---|---|
| સાબરમતી | મહેસાણા | હિંમતનગર | પાલનપુર | મહેસાણા |
| (૦૭૯) ૨૭૫૦૦૨૧૪ | (૦૨૭૬૨) ૨૨૨૪૨૩ | (૦૨૭૭૨) ૨૪૦૨૬૨ | (૦૨૭૪૨) ૨૫૫૪૫૧ | ૧૮૦૦ ૨૩૩ ૧૫૫૩૩૫ |

GUVNL

નોડલ એજન્સી - ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, ગુજરાત સરકાર



**આ અંક આપને કેવો લાગ્યો?**
આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ બાજુનાં ઈમેઇલ આઇડી પર મોકલી શકો છો.


cccell@ugvcl.com
sanaik_41262@yahoo.co.in
pro@ugvcl.com
mitesh@ugvcl.in